KL-1611 Seat No.________

# M. A. (Sem. IV) Examination
## April / May - 2013
## Gujarati : Paper - 402
(ગુજરાતી ભાષાનું અધ્યયન)

Time : 3 Hours] [Total Marks : 70

૧ આશરે ૩૦૦ શબ્દોમાં ઉત્તર લખો : ૨૮

(૧) આર્ય પ્રજાના ભારતમાં આગમનની વિગતો આપી ભારતીય-આર્યની ભાષાઓની વિગતો આપો.

અથવા

અપભ્રંશ ભાષાની વિગતો આપી ગુજરાતી ભાષાના ઉદ્‌ભવની પ્રથમ ભૂમિકાનો વિગતે પરિચય કરાવો.

(૨) 'વાક્ય'ની વ્યાખ્યા આપી ગુજરાતી વાક્ય રચના અને તેના પ્રકાર જણાવો.

અથવા

સ્વર એટલે શું ? સમજાવી ગુજરાતી ભાષાની સ્વરવ્યવસ્થા તથા માન્યસ્વરોની વિગતો આપો.

૨ આશરે ૨૦૦ શબ્દોમાં ઉત્તર લખો: ૨૦

(૧) ઉત્તર ગુજરાતની-પટ્ટણીબોલી અને તેની લાક્ષણિકતાંઓ.

(૨) ગુજરાતી ભાષામાં પરભાષી શબ્દો.

(૩) ગુજરાતીના સ્પર્શવ્યંજનો.

(૪) ભાષામાં ધ્વનિપરિવર્તન અને તેના પ્રકાર.

૩ ટૂંકમાં ઉત્તર લખો : (કોઈ પણ છ) ૧૨

(૧) સ્વરયુગ્મ 'अइ' અને 'अउ'માંથી ગુજરાતીમાં કયા સ્વરો બન્યા ?

(૨) 'સંયોગલોપ અને પૂર્વસ્વર દીર્ઘ' પરિવર્તનનાં બે દૃષ્ટાંત આપો.

(૩) 'અલ્પપ્રાણ' અને 'મહાપ્રાણ' ધ્વનિમાં શું તફાવત ? બંનેનું એક એક દૃષ્ટાંત આપો.

(૪) ગુજરાતી વાક્યરચનાનો પદક્રમ જણાવો.

(૫) ગુજારતી ભાષાના ઉદ્‌ભવની પ્રથમ ભૂમિકાને વિદ્વાનોએ કયા કયા નામથી ઓળખાવી છે ?

(૬) ગુજરાતીના સંઘર્ષી ધ્વનિઓ કયા કયા છે ?

(૭) કર્તરિ વાક્ય અને કર્મણિ વાક્યનું એક એક દૃષ્ટાંત આપો.

(૮) સંસ્કૃત તત્સમ અને તદ્‌ભવ શબ્દનાં બે બે દૃષ્ટાન્ત આપો.

૪ યોગ્ય સાચો વિકલ્પ જણાવો : ૧૦

(૧) ભાષા વૈજ્ઞાનિક દૃષ્ટિકોણથી ગુજરાતીના ધ્વનિઓનો અભ્યાસ કરનાર વિદ્વાન કોણ ?

(A) યોગેન્દ્ર વ્યાસ
(B) પ્રબોધ પંડિત
(C) હરિવલ્લભ ભાયાણી
(D) કે.કા. શાસ્ત્રી

(૨) ડૉ. પ્રબોધ પંડિતના મતે ગુજરાતીના માન્ય સ્વર કેટલા ?

(A) ૬
(B) ૮
(C) ૧૨
(D) ૧૫

(૩) ભારતીય-આર્ય ભાષાઓનો જૂનામાં જૂનો નમૂનો શામાંથી મળે ?

(A) ઋગ્વેદ (B) યજુર્વેદ
(C) સામવેદ (D) અથર્વવેદ

(૪) નીચેનામાંથી ભારતીય-આર્યકુળની ભાષા કઈ ?

(A) સિંધી (B) તમિલ

(C) મલયાલમ (D) કન્નડા

(૫) ગુજરાતી 'પ્' ધ્વનિનું વર્ણન _______ થાય.

(A) ઓષ્ઠ્ય અલ્પપ્રાણ અઘોષ સ્પર્શવ્યંજન

(B) ઓષ્ઠ્ય અલ્પપ્રાણ ઘોષ સ્પર્શવ્યંજન

(C) ઓષ્ઠ્ય મહાપ્રાણ અઘોષ સ્પર્શવ્યંજન

(D) ઓષ્ઠ્ય મહાપ્રાણ ઘોષ સ્પર્શવ્યંજન

(૬) નીચેનામાંથી સંઘર્ષી હોય તે ધ્વનિ કયો ?

(A) મ (B) સ

(C) ચ (D) ન

(૭) નીચેનામાંથી પ્રેરક વાક્ય રચના કઈ ?

(A) એ પ્રાર્થના ગાય છે (B) એણે પ્રાર્થના ગાઈ

(C) એ પ્રાર્થના ગવડાવે છે (D) એણે પ્રાર્થના કરી

(૮) નીચેનામાંથી ઉત્તર ગુજરાતી બોલીનો શબ્દ કયો ?

(A) મોટાભઈ (B) મોટાભાય

(C) મોટાભાઈ (D) મહાદેવ

(૯) બે સ્વર વચ્ચે આવેલા એકવડા અલ્પપ્રાણ વ્યંજનનો લોપનું દૃષ્ટાંત કયું ?

(A) धर्म > धम्म > धाम

(B) कर्म > कम्म > કામ

(C) गभिरकम् > गहिरउ > ઘેટુ

(D) कोकिला > कोइला > કોયલ

(૧૦) 'મારાથી નહીં ખવાય' એ કયા પ્રકારની વાક્ય રચના ગણાય ?

(A) કર્તરિ

(B) કર્મણિ

(C) પ્રેરક

(D) પુનઃપ્રેરક